
# ચૂંટણી વિશ્લેષક (સેફોલજિસ્ટ)

ચૂંટણી વિશ્લેષક એક એવા વ્યાવસાયિક છે કે જેઓ ભૂતકાળના મતદાનના આંકડાઓ અને તેમની ટકાવારી, જાહેર અભિપ્રાય, મતદાન તેમજ અન્ય સંબંધિત માહિતીનો ઉપયોગ કરીને ચૂંટણીના પ્રવાહોનો અભ્યાસ કરે છે. તેઓ આંકડાકીય એપ્લિકેશનનો ઉપયોગ કરીને ભાવિ ચૂંટણીઓ માટેના જાહેર અભિપ્રાયના પરિણામોનો અંદાજ કાઢે છે. ભારતમાં 'સેફોલજિસ્ટ/ચૂંટણી વિશ્લેષક' નામનો વાસ્તવિક કોઈ હોદ્દો નથી. જો કે, કેટલાક મુખ્ય પક્ષો પાસે ઇન-હાઉસ વિશ્લેષકો છે જેમને ચૂંટણી વિશ્લેષકો કહી શકાય. કેટલાક નિપુણ મીડિયા સંપાદકો, રાજકીય વિશ્લેષકો અને માર્કેટિંગ સંશોધન વૈજ્ઞાનિકો ચૂંટણી વિશ્લેષકો તરીકે કામગીરી બજાવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે આગાહીઓ કરવાનો આનંદ માણો છો
- તમને રાજકારણ અને ચૂંટણીમાં રસ છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૫,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રાજકીય વિજ્ઞાન / અર્થશાસ્ત્ર / સમાજશાસ્ત્ર / વ્યવસ્થાપનમાં સ્નાતક(BA)ની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો. પછી રાજનીતિમાં પી.એચ.ડી. કરો.

**અથવા**

આંકડાશાસ્ત્રમાંસ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો ત્યારબાદ અનુસ્નાતક (MSC)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, રાજનીતિમાં પી.એચ.ડી. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ચૂંટણી વિશ્લેષકનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૫,૦૦૦ થી ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Historian/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા હાઉસ, પ્રિન્ટ મીડિયા, સામયિકો, સંશોધન એજન્સીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રાજકીય પક્ષો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે પાર્ટી પ્રચાર કાર્યાલય, મીડિયા હાઉસ અથવા જાહેર ભંડોળવાળી સંસ્થામાં કામ કરી શકો છો. ચૂંટણી અને પુનઃચૂંટણી કે પેટા ચૂંટણી દરમિયાન તમારે વધુ કામ કરવું પડે તેવી શક્યતા છે. જ્યારે ફરજ પર ન હોવ ત્યારે, તમે કાં તો પક્ષની કામગીરીમાં અથવા તમે જે પણ ક્ષેત્ર પસંદ કરશો તેમાં કાર્યરત રહેશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

રિસર્ચ ઈન્ટર્ન → રિસર્ચ એનાલિસ્ટ, સેફોલોજી → સિનિયર રિસર્ચ એનાલિસ્ટ, સેફોલોજી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પોલ એનાલિસ્ટ, પોલિટીકલ રિસર્ચર, પોલિટીકલ પોલસ્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પોલિટિકલ સાયન્સ/આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, નવી દિલ્હી
૨. લેડી શ્રી રામ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી, નવી દિલ્હી
૩. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૪. લેડી બ્રેબોર્ન કોલેજ, કોલકાતા
૫. ન્યુ કોલેજ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ચેન્નાઈ
૬. એમ.એસ.યુ., વડોદરા
૭. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૮. દેવી અહિલ્યાવિશ્વવિદ્યાલય, ઈન્દોર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. માઉન્ટ કાર્મેલ કોલેજ, બેંગલુરૂ
૩. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૪. સેન્ટ એન્ડ્રૂઝ કોલેજ ઓફ આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ
૫. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૬. આર્ય વિદ્યાપીઠ કોલેજ, ગુવાહાટી
૭. એન.આઇ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૮. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

• ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

• www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**યોગેન્દ્ર યાદવ** એક ભારતીય કાર્યકર, મનોવિજ્ઞાની અને રાજકારણી છે જેઓ રાજકીય અને સામાજિક વિજ્ઞાનમાં રૂચિ ધરાવે છે. તેઓ વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૬ દરમિયાન સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ, દિલ્હી ખાતે વરિષ્ઠ ફેલો હતા. પ્રો. યાદવના રસના ક્ષેત્રોમાં લોકશાહી સિદ્ધાંત, ચૂંટણી અભ્યાસ, સર્વે સંશોધન, રાજકીય સિદ્ધાંત, આધુનિક ભારતીય રાજકીય વિચાર અને ભારતીય સમાજવાદનો સમાવેશ થાય છે. આ વિષયો અંગેના તેમના લેખો શૈક્ષણિક જર્નલો અને લોકપ્રિય મીડિયામાં વ્યાપકપણે પ્રકાશિત થયા છે. *

સ્રોત:https://southasia.berkeley.edu/yogendra-yadav-politics-after-modi

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.